PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૩/કવા–૦૧/૧૭–૧૮/ ૩૨૮૫ તા. ૧૬/૦૪/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
બાબુભાઈ તેજાભાઈ ખુંટ,
C/O, હિતેષભાઈ રવજીભાઈ ખુંટ,
ગામઃ કણકોટ, વાયા : યુનીવર્સીટી
સરકારી એન્જીનીયરીંગ કોલેજ ની બાજુમા,
કાલાવડ રોડ,
રાજકોટ
મો: ૯૯૦૪૩ ૪૭૬૪૨

વિષય :—નવા ખેત જોડાણ બાબત
સંદર્ભ:— આપની અરજી , તા. ૨૯–૦૩–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૩/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં: ૨ )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ~~શહેર~~ ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ [ગ્રામ્ય વર્તુળ કચેરી- રાજકોટ]
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ~~શહેર~~ વિભાગીય કચેરી ~~નં.~~ રાજકોટ [ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ]
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ~~[illegible]~~ પેટા વીભાગીય કચેરી,રાજકોટ [શાપર પે.વિ. કચેરી- રાજકોટ]

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

. CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૦૩/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૩–૦૪–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: બાબુભાઈ તેજાભાઈ ખુંટ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના ભત્રીજા શ્રી હિતેશભાઈ રાઘવભાઈ ખુંટ હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : માધાપર પેટા વીભાગીય કચેરી,રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :એચ.બી.પરમાર –કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેત જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર શ્રી એ, '' બાબુભાઈ તેજાભાઈ ખુંટ ના નામ પરની, ગામ: કણકોટ ખાતે ના ખેતીવાડી સર્વે નંબર મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની મેળવવા માટે ની, રૂ.૨૦૦/– નોંધણીચાર્જે, જે રસીદ નં.૪૨૫૬૦૩ તા.૧૩–૦૧–૧૧ થી, માધાપર પેટા વિભાગીય કચેરી મા, ભરપાઈ કરી '' અને અરજી નોંધાવેલ હતી. હાલ ના તબ્બકે, તેમની માંગણી મુજબ ના ગામ: કણકોટ ના ખેતીવાડી સર્વે નંબર વાળો વિસ્તાર, જે '' હાલ ની રોણકી પેટા વિભાગીય કચેરી – રાજકોટ હેઠળ સમાવિષ્ટ છે.'' અગાઉ માધાપર પેટા વિભાગીય કચેરી તરફથી, તેઓ શ્રી ની સદર અરજી નો રેકર્ડ, જે હાલ ના તબ્બકા ની, વિભાજીત થયેલ એવી રોણકી પેટા વિભાગીય કચેરી મા, તબ્દીલ કરાયેલ હોવા છતા, રોણકી પેટા વિભાગીય કચેરી રાજકોટ ખાતે ઉપલબ્ધ ન હોવાના કારણોસર, ''હાલ ની રોણકી પેટા વિભાગીય કચેરી તરફથી, તેઓ શ્રી ની સદર અરજી પરત્વે, કોઈ કાર્યવાહી કરાયેલ નથી. તેમજ, આ બાબતે, થનાર પીજીવીસીએલ કક્ષાની પ્રગતીશીલ કાર્યવાહી બાબતે પણ, રોણકી પેટા વિભાગીય કચેરી તરફથી પણ, તેઓ શ્રી ને કોઈ માહિતી આપવામા આવતી નથી. તેમજ, રોણકી પેટા વિભાગીય કચેરી કક્ષાએથી તેઓ શ્રી ની સદર અરજી ની બાબત ને ગંભીર ગણી, અને તે પરત્વે યોગ્ય થવા માટે કોઈ કાર્યવાહી પણ કરવામા આવતી નથી. આવા કારણોસર, આખરે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી '' બાબુભાઈ તેજાભાઈ ખુંટ ના નામ પરની, ગામ: કણકોટ ખાતે ના ખેતીવાડી સર્વે નંબર મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની, રૂ.૨૦૦/– નોંધણીચાર્જે, જે રસીદ નં.૪૨૫૬૦૩ તા.૧૩–૦૧–૧૧ થી, અગાઉ માધાપર પેટા વિભાગીય કચેરી મા, ભરપાઈ કરી '' અને નોંધાયેલ અરજી વાળો વિસ્તાર, જે '' હાલ ની રોણકી પેટા વિભાગીય કચેરી – રાજકોટ હેઠળ સમાવિષ્ટ છે.'' અગાઉ માધાપર પેટા વિભાગીય કચેરી તરફથી, હાલ ના તબ્બકા ની રોણકી પેટા વિભાગીય કચેરી રાજકોટ મા તબ્દીલ થયેલ રેકર્ડ ની ચકાસણી કરવામા આવતા, અરજદાર શ્રી ની સદર અરજી ના કેઈસ પેપર્સ, જે રોણકી પેટા વિભાગીય કચેરી રાજકોટ ખાતે ઉપલબ્ધ નથી. પરંતુ, માત્ર '' નવા ખેતીવાડી વીજજોડાણ ની નોંધણી ની વિગતો દર્શાવતુ સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર '' જે હાલ ની રોણકી પેટા વિભાગીય કચેરી રાજકોટ ખાતે ઉપલબ્ધ છે. તે જીપી રજીસ્ટર ની ચકાસણી કરતા, અરજદાર શ્રી ની, સદર સામાન્ય યોજના હેઠળ ના, નવા ખેતીવાડી વીજજોડાણ ની, તા.૧૩–૦૧–૧૧ ના રોજ ની, રૂ.૨૦૦/– નોંધણીચાર્જે, જે રસીદ નં.૪૨૫૬૦૩ થી નોંધાયેલ અરજી પરત્વે, સબંધક રોણકી પેટા વિભાગીય કચેરી કક્ષાએથી કોઈ કાર્યવાહી કરાયેલ નથી, તે બાબત ને રેકોર્ડ આધારીત સ્પષ્ટતાઓ મળેલ છે. જે મુજબ, સદર અરજી, બાકી રહેતી કાર્યવાહી, જે મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ અને, નવુ જોડાણ આપવા માટે ની નિયમાધીન યોગ્યતા અને વ્યાજબીપણા હેઠળ ની છે. આ મુજબ નુ રેકોર્ડ આધારીત મંતવ્ય અત્રે થી ફોરમ કમિટી સમક્ષ રજુ કરવામા આવે છે. |

| | |
|---|---|
| **૨.૨** | ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મા વર્ણવેલ મંતવ્ય ને આનુષાંગીક રહીને — સદર કેઈસ મા, અરજદાર શ્રી પાસેથી, નોંધણીચાર્જ ની રકમ રૂ.૨૦૦/– ની તા.૧૩–૦૧–૧૧ ની, પહોચ નં. ૪૨૫૬૦૩ ની રસીદ ની અસલ નકલ મેળવી, વેરીફાય કર્યા સબબ ની ઝેરોક્ષ નકલ કરી – નવેસરથી જ, નિયત અરજી ફોર્મ (એ–૧ ફોર્મ) જે, અરજદાર શ્રી ના ફોટા સાથે ના ફોર્મ સાથેની અરજી સાથે – નિયમાધીન એવા, માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર વાળા સ્થળ ની અરજદાર શ્રી ની માલીકી દર્શાવતા અદ્યતન સ્થિતી ના ગ્રામ પંચાયત ના દાખલાઓ ( ૭/૧૨, ૮–અ, હકક પત્રક નં.–૬, પાણીપત્રક નં.–૧૬) તેમજ અને માંગણીદાર ની વૈદ્યાનીક સ્થિતી દર્શાવતા પેપર્સ ( ચુટણીકાર્ડ / આધારકાર્ડ ) તેમજ જરૂર જણાયે અન્ય સ્પષ્ટતાજનક દસ્તાવેજીક પેપર્સ / જરૂરી બાંહેધરીપત્ર, જે અરજદાર શ્રી પાસેથી મેળવી અને, સદર અરજી સાથે જોડી, તે મુજબ નવેસર થી જ કેઈસ ફાઈલ તૈયાર કરી – અને તે મુજબ, જીપી રજીસ્ટર મા કરાયેલ નોંધણી નંબર સામેની, સદર કેઈસ મા, જોડાણ મંજુર કરી અને જોડાણ ચાલુ કરવા માટે ની, બાકી રહેતી તમામ પ્રકાર ની નિયમાધીન કાર્યવાહીઓ, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ દિન–૧૦ મા, અરજદાર શ્રી ની સંમતીજનક સહી સાથે ના લેખીત સંમતીપત્ર હેઠળ પૂર્ણ કરી અને તે મુજબ, અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. તે મુજબ નો અભિપ્રાય અત્રે તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં. ૨.૧ અને ૨.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતો, તેમજ બન્ને પક્ષકારો તરફથી ફોરમ કમિટી સમક્ષ કરાયેલ રૂબરૂ ચર્ચા, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે, સદર અરજી પરત્વે કોઈ કાર્યવાહી થયેલ ન હોવા બાબતે નુ સમર્થન મળેલ છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ ને, સકારાત્મક રીતે પીજીવીસીએલ ની નિયમાધીન કાર્યવાહી હેઠળ આવરી લઈ અને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં.૨.૨ મુજબ ની વિગતે ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ નિરાકરણ કરવા માટે નો અભિપ્રાય, અત્રેની ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. પીજીવીસીએલ પક્ષકાર નો સદર અભિપ્રાય ફોરમ કમિટી ને નિયમાધીન યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર ને, મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ના ફોરમ સમક્ષ ના અભિપ્રાય મુજબ ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ દિન–૧૦ મા, અરજદાર શ્રી ની સંમતીજનક સહી સાથે ના લેખીત સંમતીપત્ર હેઠળ પૂર્ણ કરી અને તે મુજબ, અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા સબબ નો ; પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ને, અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ નિરાકરણ, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ દિન–૧૦ મા, અરજદાર શ્રી ની સંમતીજનક સહી સાથે ના લેખીત સંમતીપત્ર હેઠળ પૂર્ણ કરી અને તે મુજબ – અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.